મહાન્ ગુરુનો પ્રસાદ.

મૂળ લેખક:—બન્ધુ જે. કૃષ્ણમૂર્તિ.

મદ્રાસ.

અંગ્રેજી ઉપરથી અનુવાદક,

દોસી. મણીલાલ નથુભાઇ બી. એ.

અમદાવાદ.

પ્રસિદ્ધ કર્ત્તા,

સોમચંદ ભગવાનદાસ.

અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ—પ્રત ૧૦૦૦

મૂલ્ય: બે આના.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

પ્રસ્તાવના.

મારાથી વયમાં નાના (આત્મામાં નહિજ) એવા એક બન્ધુએ પ્રથમજ લખેલા આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું માન મને મળ્યું છે. લેખક જ્યારે 'દીક્ષા' ને માટે તૈયાર થતો હતો તે વખતે તેને તેના ગુરૂદેવે જે શિક્ષણ આપ્યું હતું તે તેણે સ્મરણપટમાં સંગ્રહી રાખ્યું હતું અને પાછળથી ધીમે ધીમે અને ઘણીજ મહેનતથી તે શિક્ષણને આધારે આ પુસ્તક તૈયાર કર્યું હતું. કારણકે લેખકનો અંગ્રેજી ભાષાપરનો કાબુ ગઇ સાલ અત્યારના જેટલો વધેલો નહતો.

આ પુસ્તકમાંનો ઘણોખરો ભાગ તો લેખકના ગુરૂદેવના પોતાના શબ્દોમાંજ લખાયલો છે; જે થોડા ભાગમાં ગુરૂના શબ્દો અક્ષરસઃ લેવાયલા નથી તેનો પણ ભાવાર્થ તો ગુરૂએજ આપેલો અને તે ઉપર શિષ્યે પોતાના શબ્દોનો પોશાક પહેરાવેલો છે. બે વાક્યો રહી ગયાં હતાં, કે જે ગુરૂએ પોતે પુરાં પાડયાં છે. બીજે બે સ્થળે, અકેક શબ્દ રહી ગયો હતો, કે જે પાછળથી ઉમેરવામાં આવ્યો છે. આ સિવાય બાકીનું બધુ લખાણ બન્ધુ કૃષ્ણમૂર્તિનું પોતાનુંજ છે,—દુનિઆને તેના તરફથી અપાતી આ પહેલી બક્ષીસ છે.

ગુરૂદેવે કહેલા શબ્દો જેમ લેખકને મદદગાર થઈ પડયા છે, તેમજ આ લખાયલા શબ્દો બીજાઓને પણ મદદગાર થાઓ—એવી સુભાશિષ્ સાથે લેખક જગતને આ બક્ષીસ અર્પણ કરે છે. પરન્તુ આ મહાન્ ઉપદેશથી લાભ મેળવવા ઇચ્છતા વાચકે એક શરત સ્વીકારવાની છે; તે એ છે કે, આ પુસ્તકના લેખકે પોતાના ગુરૂના શ્રીમુખથી ઉપદેશ સાંભળ્યો ત્યારથી જેવી રીતે તે ઉપદેશ પ્રમાણે પોતાનું જીવન ગાળ્યું છે, તેવીજ રીતે વાચકે પણ તે ઉપદેશ પ્રમાણે પોતાનું જીવન ગાળવું જોઇએ.

આ પુસ્તકમાંના ઉપદેશનું અનુસરણ કરવા સાથે વળી તે લખનારના જીવનનું અનુકરણ કરવામાં આવે તો વાંચનાર તેમજ લખનાર બન્નેને માટે મહાન મંદીરનાં દ્વાર ખુલ્લાં થઇ જશે અને સતના માર્ગે તેમના પગ સ્થિત થશે.

ઍની બીસાન્ટ.

असतो मा सद्गमय

तमसो मा ज्योतिर्गमय

मृत्योर्माऽमृतङ्गमय ॥

અસત્‌માંથી મને સત્‌માં દોરી જાઓ.

અંધકારમાંથી મને પ્રકાશમાં દોરી જાઓ.

મૃત્યુમાંથી મને અમરત્વમાં દોરી જાઓ.

મહાન્ ગુરૂનો પ્રસાદ.

આ લેખમાંના શબ્દો આ લખનારના નથી. જે મહાન ગુરૂએ મને શીખવ્યું છે તે ગુરૂના આ શબ્દો છે. એમની મદદ સિવાય હું કાંઈ કરી શકયો ન હત; એમની મદદથીજ મેં સત્‌ના માર્ગે પગ મૂકયો છે.

તમને પણ એજ સત્‌ના માર્ગમાં દાખલ થવાની ઈચ્છા છે; તેથી જે શબ્દો તે મહાન ગુરૂએ મને સંભળાવ્યા છે તેજ શબ્દો તમને પણ મદદગાર થઈ પડશે, —માત્ર તમે તે શબ્દોને શિર પર ચડાવી અમલ કરશો તો.

આ શબ્દો સાચા છે અને આ શબ્દો સુંદર છે એમ કહ્યું એટલેથી કાંઇ બસ થતું નથી. જે માણસને વિજય જ મેળવવાની ઇચ્છા હોય તેણે તો એ શબ્દો પ્રમાણે વર્તવું જોઇએ; એટલે કે એ કથન મુજબ જ આચરણ રાખવું જોઇએ. ભૂખથી રીબાતો માણસ અન્ન તરફ જોયાં કરે અને ‘ અન્ન ઉત્તમ છે ’ એમ કહ્યાં કરે એથી કાંઇ તેની ભૂખ ભાગશે નહિ. એણે એ અન્નમાં પોતાનો હાથ નાખવો જોઇએ અને ખાવા માંડવું જોઇએ. એવી જ રીતે,

મહાન ગુરૂના શબ્દો **સાંભળવા** એ કાંઇ પુરતું નથી; તમારે તેમના દરેક શબ્દ પર લક્ષ આપવું જોઇએ, એમણે આપેલી દરેક સૂચના ધ્યાનમાં લેવી જોઇએ અને એમના કથન મુજબ **વર્ત્તવું** જોઇએ.

જો કોઈ એક સૂચના ધ્યાનમાં ન લેવાય, જો કોઇ એક શબ્દ પર લક્ષ ન અપાય, તો તે સૂચના અને તે શબ્દ હમેશને માટે હાથમાંથી ગયો સમજવો; કારણકે મહાન ગુરૂને બે વાર બોલવાની ફુરસદ હોતી નથી.

સત્‌ના માર્ગ માટે યોગ્યતા.

આ સત્‌ના માર્ગની પ્રાપ્તિ માટે ચાર સાધનો સંપાદન કરવાં જોઇએ:

૧ વિવેક.

૨ વૈરાગ્ય અથવા ઇચ્છારહિતપણું.

૩ સદ્વર્ત્તન, અથવા શુદ્ધ ચારિત્ર.

૪. પ્રેમ.

આ ચાર* સાધનોના સંબંધમાં જે કાંઈ મને મહાન ગુરૂએ કહ્યું છે તે તમારી સમક્ષ જણાવવાને હું પ્રયત્ન કરીશ.

પ્રથમ સાધન.

મહાન ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર સાધનો સંપાદન કરવાં જરૂરનાં છે તે ચારમાંના પહેલાનું નામ 'વિવેક' છે. સામાન્ય રીતે 'વિવેક' શબ્દ, સત્ય અને અસત્યને ઓળખવાની શક્તિ એવા અર્થમાં વપરાય છે. એ શક્તિ મનુષ્યને સત્‌ના માર્ગે દોરી લઇ જાય છે.

'વિવેક' એ શબ્દમાં ઉપર કહેલા સામાન્ય અર્થ કરતાં પણ કાંઇક વધારે રહસ્ય રહેલું છે. તે રહસ્ય એ છે કે, આ વિવેકનો ગુણ, સત્‌ના માર્ગની શરૂઆત સુધીજ પાળવાનો નથી પણ તે માર્ગે દાખલ થઇને તેને બીજે છેડે

*એ ચારને અંગ્રેજીમાં Discrimination, Desire-lessness, Good Conduct અને Love એવાં નામ અનુક્રમે અપાયલાં છે.

પહોંચીએ ત્યાં સુધી દરેક ડગલે ને પગલે હરહમેશ તે ગુણ પાળવાનો છે.

તમે એ **માર્ગે** ચઢ્યા છો તેનું કારણ એ છે કે, **મેળવવા યોગ્ય** સઘળી ચીજો **માત્ર એ માર્ગેજ** મળી શકે છે એમ તમે **શીખેલા છો.** જેઓ તે શીખ્યા **નથી** તેઓ તો ધન કે સત્તા મેળવવા માટેજ કામ કરે છે. પરન્તુ ધન અને સત્તા બહુ તો એક જ જીંદગી માટે છે (તેઓ એકજ ભવ સુધી ટકે છે) અને એ જોતાં તે અસત્ —અનિત્ય પદાર્થો છે. આ પદાર્થો કરતાં બીજા,વધુ મહત્વના પદાર્થો પણ હયાતી ધરાવે છે, કે જે પદાર્થો સત્ છે અને નિત્ય છે. તમે જો એ નિત્ય પદાર્થોને માત્ર એકજ વાર જોવા પામો તો અગાઉ કહેલા અનિત્ય પદાર્થોની ઇચ્છા કદી કરોજ નહિ.

આખી દુનીઆમાં માત્ર બે પ્રકારના જ મનુષ્યો છે: (૧) જેઓ જાણે છે તે, અને (૨) જેઓ નથી જાણતા તે. અને આ 'જાણપણું' એજ મ્હોટી વાત છે, એજ અગત્યની વાત છે. માણસ કયો ધર્મ પાળે છે, તે કઈ જાતનો છે —એ વગેરે બાબતો કાંઈ અગત્યની નથી. અગત્યની બાબત માત્ર એકજ છે અને તે જાણપણું અથવા જ્ઞાન છે; મનુષ્ય માટેની દિવ્ય યોજનાનું જ્ઞાન એજ એક અગત્યની બાબત છે.

વિશ્વમાં એક **યોજના** છે અને તે યોજના **'ઉન્નતિક્રમ'** અથવા **'ઉત્ક્રાન્તિક્રમ'*** છે. એકવાર કોઇ માણસ તે યોજના પુરેપુરી સમજી જાય છે, એટલે પછી તે માણસ તે **યોજના માટેજ** કામ કર્યા વગર રહી શકતો નથી અને એ **યોજના સાથે એકરૂપ** થયા સિવાય પણ રહી શકતો નથી; કારણ કે ઉત્ક્રાન્તિક્રમની યોજના ખરેખર ઘણીજ ભવ્ય અને ઘણીજ સુંદર છે.

આ ભવ્ય યોજનાના જાણપણાને લીધેજ તે માણસ પરમાત્માનો પક્ષ લે છે, એ જાણપણાને લીધેજ તે શુભના પક્ષમાં ઉભો રહે છે અને અશુભની સામે થાય છે; એ જાણપણાને લીધેજ તે સ્વાર્થને ખાતર નહિ પણ ઉન્નતિક્રમ સારૂ કામ કરે છે.

જો તે પરમાત્માના પક્ષનો હોય તો તે આપણામાંનો જ એક છે, તો પછી તે પોતાને હિંદુ કહે કે બૌદ્ધ કહે, ખ્રીસ્તી કહે કે મુસલમાન કહે, તે હિંદવાસી હોય કે ઇંગ્લંડવાસી હોય, ચીનનો માણસ હોય કે રસીઆનો હોય, તે કશાથી ફેર પડતો નથી. જેઓ પરમાત્માના પક્ષમાં છે તેઓ **"આપણે અહીં શા માટે આવ્યા છીએ?"** અને **"આપણે શું કરવું જરૂરનું છે?"**

---

*Evolution.

એ બે બાબતનું જ્ઞાન ધરાવતા હોય છે અને તેઓ કામ પણ તે જ્ઞાનને અનુસરીને કરે છે.

તે સિવાયના બીજા સઘળાઓને હજી સુધી આવું જ્ઞાન ન હોવાને સબબે, તેઓ ઘણીવાર મૂર્ખામી ભરેલાં કામ કરી બેસે છે. તેઓ એવા રસ્તા શોધવા કોશીશ કરે છે કે જે રસ્તા તેમને આનંદદાયક થઈ પડશે એમ તેઓ ધારે છે; પણ તેઓ જાણતા નથી કે, **સર્વ એક છે** અને તેટલા માટે જે કાંઇ પરમાત્માની ઇચ્છા છે તેજ સર્વને ખરેખર આનંદદાયક થઇ શકે. તેઓ સત્‌ને બદલે અસત્‌ને માર્ગે ચાલે છે. આ સત્ અને અસત્ વચ્ચેનો ભેદ જ્યાં સુધી તેઓ ન શિખે, ત્યાં સુધી તેઓ પરમાત્માના પક્ષના નથી; અને તેટલા માટે '**વિવેક**' અથવા '**સત્ અને અસત્ વચ્ચેનો ભેદ**' એ પ્રથમ પગથિયું છે.

સત્ અને અસત્ એ બેમાંથી સત્‌ની પસંદગી કર્યા પછી પણ તમારે જાણવું જોઇએ કે સત્ અને અસત્‌ના પણ વળી ઘણા પ્રકાર છે. એથી આગળ વધીને તમારે વાજબી અને ગેરવાજબી, ઉપયોગી અને અનુપયોગી, મહત્વનું અને બિનમહત્વનું, સાચું અને જૂઠું, સ્વાર્થમય અને નિઃસ્વાર્થી, એ સર્વ દ્વંદ્વોમાં પણ 'વિવેક' કરતાં

શિખવું જોઇએ; અર્થાત્ એ દરેક જોડકામાંથી એકેકને વિવેકબુદ્ધિની મદદથી પસંદ કરવું જોઇએ.

વાજબી અને ગેરવાજબી વચ્ચેનો ભેદ પારખવો એ કામ એટલું બધું કઠણ નથી; કારણ કે જેઓ મહાન્ ગુરૂને પગલે ચાલવા ઇચ્છા રાખે છે તેઓએ ગમે તેટલે ભોગે પણ **વાજબી માર્ગે** ચાલવાનો નિશ્ચય જ કરેલો હોય છે. પણ **શરીર** અને **આત્મા** એ બન્ને જૂદી વસ્તુઓ છે; તેથી **આત્માને** જે ઇચ્છા થાય એજ ઇચ્છા **શરીરને** થાય એમ કાંઇ હમેશ બનતું નથી. જ્યારે તમારૂં **શરીર** કોઈ બાબતની ઇચ્છા કરે ત્યારે જરા થોભજો અને **તમે** ખરેખર તેવી ઇચ્છા કરો છો કે કેમ તેનો વિચાર કરજો. કારણકે **તમે** ઈશ્વર છો; અને જે ઇશ્વરની ઇચ્છા એજ તમારી ઇચ્છા હોવી જોઇએ. પણ તમારી અંદર રહેલા ઈશ્વરને શોધી કહાડવાને તમારે હૃદયમાં ઉંડા ઉતરવું જોઇએ અને ત્યાં ઇશ્વરી અવાજ કે જે ખરી રીતે **તમારોજ** અવાજ છે તેને તમારે ધ્યાન દઇને સાંભળવો જોઇએ.

તમારાં શરીરો—સ્થૂલ શરીર, વાસના શરીર તથા માનસિક શરીર—એજ **તમે પોતે** છો, એવી ભૂલ કદાપિ કરતા નહિ. પોતાની ઇચ્છા તૃપ્ત કરવાના સ્વાર્થ ખાતર

તે ત્રણમાંનું દરેક **શરીર** પોતે **આત્મા** હોવાનો ઢોંગ કરશે; પણ તમારે તે સર્વને ઓળખવા જોઇએ અને તમે તો તે શરીરોના **સ્વામી** છો એમ તમારે જાણવું જોઇએ.

ત્રણે શરીરો પોતે આત્મા બની તમને ઠગવા કેવા રસ્તા લે છે તે સંબંધમાં થોડાંક દૃષ્ટાંતો સાંભળોઃ—

(૧) જ્યારે કાંઈ **કામ** કરવાનું આવે છે, ત્યારે સ્થૂલ શરીર **આરામ** લેવા ઇચ્છે છે. અથવા તો ફરવા જવાને કે ખાવાને કે પીવાને ઇચ્છે છે; તેથી 'દિવ્ય યોજના' ના જ્ઞાન વગરનો માણસ મનમાં વિચારે છે કે, "હું આ ખાનપાનાદિ કામ કરવા ઇચ્છું છું; અને મારે તે કરવુંજ જોઈએ." પણ જે માણસને 'દિવ્ય યોજના' નું જ્ઞાન છે તે તો એમ કહે છે કેઃ "જે (શરીર) આ બધી માગણી કરે છે, તે 'હું' નથી; અને તે માગણી કરનાર સ્થૂલ શરીરે ઘડીભર દમ ખાવો જોઇએ."

જ્યારે કોઇને મદદ કરવાનો પ્રસંગ આવી લાગે છે, ત્યારે આજ સ્થૂલ શરીર વિચારે છે કે "ઓહ કેવું તકલીફનું કામ ! ઘણાએ બીજો કોઈ સખસ તે કરી લેશે!" પણ આમ બોલનારા શરીર પ્રત્યે **આત્મા** જવાબ આપે છેઃ કે "આ કામ કરવા યોગ્ય છે અને તારી મગદૂર નથી કે તું મને તે કરતાં અટકાવે !"

આ શરીર તે તમારૂં પશુ છે-તમારો ઘોડો છે, કે જેના ઉપર તમે સવાર થયેલા છો; અને એટલા ખાતર તે ઘોડાની તમારે સારસંભાળ સારી રીતે લેવી જોઈએ. તેની પાસેથી હદ ઉપરાંતનું કામ લેવું ન જોઈએ. તેને અપાતો ખોરાક અને જળ તદ્દન શુદ્ધ હોવાની કાળજી રાખવી જોઈએ, અને જરા જેટલી પણ રજ તેના ઉપર ચોંટી ન રહે એટલી હદ સુધી તેને બરાબર શુદ્ધ રાખવું જોઈએ; કારણ કે સંપૂણ અંશે શુદ્ધ અને સંપૂર્ણ અંશે તનદુરસ્ત શરીર સિવાય સત્‌ના માર્ગે વિચરવાની તૈયારી કરવાનું મહાભારત કામ તમારાથી ઉપાડી શકાશે નહિ તથા એ તૈયારી કરવાના કામથી તમારા શરીર ઉપર નિરંતર જે દબાણ થશે તે તમારાથી સહન થઈ શકશે નહિ.

શરીર રૂપી ઘોડાની આટઆટલી સારસંભાળ રાખવા છતાં તમારે આ તો બરાબર યાદ રાખવાનું છે કે, તમારે તે ઘોડાને હમેશ વશ રાખવાનો છે, તે ઘોડો તમને વશ રાખે એમ ન બનવું જોઈએ.

(૨) સ્થૂલ શરીરની વાતમાંથી હવે આપણે વાસના શરીર તરફ ફરીશું. આ શરીરને પણ વળી તેની ખાસ ઇચ્છાઓ હોય છે-સ ખ્યાબંધ ઇચ્છાઓ હોય છે.

તમે ગુસ્સો કરો, તમે મર્મભેદક શબ્દો બોલો, તમે ઈર્ષા કરો, તમે પૈસાનો લોભ કરો, તમે બીજા મનુષ્યોના વૈભવની અદેખાઈ કરો અને તમે ઉદાસીનતાને વશ થાઓ: આવી જાતનાં અનેક કામો તમારી પાસે કરાવવા તે **વા**સના શરીર ઇચ્છે છે. તમને નુકશાન જ કરવું એવો કાંઇ તે શરીરનો **આશય** નથી; પણ તે શરીરને આવી વેગવાળી અથવા આવેશી ધ્રુજરીઓ ગમે છે, અને વળી તે, તે ધ્રુજરીઓ વારંવાર બદલવા ઇચ્છે છે. પણ **તમને** આ કશાની જરૂર નથી–તમારા આત્માને આ **વાસના શરીરની** ઇચ્છા સાથે કાંઈ લેવાદેવા નથી. તમારા **આત્માની** ઇચ્છાઓ અને તમારા **શરીરની** ઇચ્છાઓ એ બે વચ્ચેનો ભેદ તમારે જાણવો જોઇએ.

(૩) **માનસિક** શરીરનામનું તમારૂં ત્રીજું **શરીર** વળી કાંઇ જૂદીજ ઇચ્છાઓ કરે છે. તે મગરૂરીમાં આવી જઈ બીજા સર્વથી પોતાને ભિન્ન મનાવવા ઇચ્છે છે, બીજા બધા સંબંધી વિચારને છોડી માત્ર પંડનાજ વિચારો કરવા તે ઇચ્છે છે. તમે તેને જગતની વસ્તુઓ ઉપરથી વિમુખ કર્યું હશે તોપણ તે એક બીજા રૂપમાં હુંપણાના જ વિચારો કરવા ઇચ્છતું હોય છે, અને મહાન્ ગુરૂના કામ સંબંધી અથવા તો બીજાઓને સહાયભૂત થવા

સંબંધી વિચાર કરવાને બદલે તે તો તમારી એકલાનીજ ઉન્નતિ કેટલી થઈ તે વિચારમાંજ તમને ગોંધાઇ રહેવા ફરમાવે છે.

જ્યારે તમે 'ધ્યાન' ધરીને બેઠા હો છો ત્યારે પણ તમારે જે એક ચીજ જોઇએ છે તેના ઉપર ધ્યાન ધરવા નહિ દેતાં, જે અનેક ચીજો તે **માનસિક શરીરને** જોઇએ છે તે અનેક ચીજો સંબંધી વિચાર કરવાને તે તમને પ્રેરશે.

પણ ધ્યાન રાખજો કે '**તમે**' તે '**મન**' નથી; તે મન તો તમારે વાપરવાનું એક **સાધન** છે. માટે અહીં પણ 'વિવેક' ની જરૂર છે. આમ તમારે નિરંતર સાવધ રહેવાનું છે. ગાફલ રહેશો તો તમારો પ્રયત્ન નિષ્ફળ જશે. ગુપ્ત માર્ગમાં સત્ય અને અસત્ય વચ્ચે મુદ્દલ છૂટ-છાટ મુકી શકાતી જ નથી; મતલબ કે કોઈ પણ આશ-યથી થોડું પણ અસત્ય કરાય તો તે સત્ય કહેવાતું નથી. દેખીતી રીતે ગમે તેટલું નુકશાન થતું હોય તોપણ, અ-જ્ઞાની મનુષ્યો શું ધારશે કે શું કહેશે એ બાબતની કશી દરકાર કર્યા વિના, જે કાંઇ સત્ય છે તેજ તમારે કરવું જોઇએ અને જે ખોટું છે તે તમારે ન જ કરવું જોઇએ. કુદરતના છુપા નિયમોનો તમારે ઉંડો અભ્યાસ કરવો

જોઇએ, અને તે નિયમોને સમજી લઇને પછી તમારી જીંદગી તે નિયમોને અનુકૂળ બનાવવી જોઇએ; અર્થાત્ તે નિયમોને અનુસરીનેજ જીંદગીનું દરેક કામ કરવું જોઈએ;–અલબત બુદ્ધિનો ઉપયોગ તો દરેક બાબતમાં કરવોજ જોઇએ.

મહત્વની અને **બિનમહત્વની** વસ્તુઓ વચ્ચેનો ભેદ તમારે સમજવો જોઇએ. જ્યાં સત્ય અને અસત્યનો સવાલ આવે ત્યાં તમારે ખડકની માફક દૃઢ રહેવું, પણ નજીવી અથવા **બિનમહત્વની** બાબતોમાં તમારે બીજાઓ આગળ નમતી દોરી મુકવી જોઇએ. કારણ કે તમારે હમેશ નમ્ર અને માયાળુ થવું જોઇએ, ન્યાયી તેમજ સંજોગોને અનુકૂળ થવું જોઇએ, અને જે સ્વતંત્રતાની તમને જરૂર છે તેવીજ સંપૂર્ણ સ્વતંત્રતા તમારે **બીજાને** આપવા તૈયાર રહેવું જોઇએ.

કરવા યોગ્ય શું છે તેજ વિચારજો; તે કામ નાનું છે કે મોટું તે વિચાર નકામો છે.

એક મોટું દેખાતું કામ કે જેને જગત્ **સારૂં** કામ કહેતું હોય તેવા કામ કરતાં, એક નાનું કામ કે જે **મહાન્ ગુરૂના કામમાં સીધી રીતે ઉપયોગી થઈ પડે તેવું હોય તે કામ ઘણું–ઘણુંજ ઉત્તમ અને કરવા યોગ્ય છે.**

નિરૂપયોગીને છોડી ઉપયોગી કામ પસંદ કરવું જોઇએ એટલુંજ બસ નથી પણ ઉપયોગીમાં પણ **ઓછી** ઉપયોગી અને **વધારે** ઉપયોગી બાબતોનો 'વિવેક' કરતાં શિખવું જોઇએ. ગરીબોનું પોષણ કરવું તે સારૂં, ઉમદા અને ઉપયોગી કામ છે; પણ તેમના **શરીરના** પોષણ કરતાં તેમના **આત્માનું** પોષણ કરવું તે તેથીએ વધારે ઉમદા અને વધારે ઉપયોગી કામ છે. કોઇ પણ ધનવાન મનુષ્ય ગરીબોના **શરીરનું** પોષણ કરી શકશે; પણ તેઓના આત્માનું પોષણ તો 'જ્ઞાની'થીજ થઇ શકશે. જો તમે જ્ઞાન મેળવ્યું હોય તો બીજાઓને જ્ઞાન મેળવવામાં મદદ કરવી એ તમારૂં કર્ત્તવ્ય છે.

તમે ગમે તેવા ડાહ્યા હો, છતાં આ **માર્ગ** ઉપર તમારે હજી ઘણું શીખવાનું રહેછે. અહીં એટલું બધું શિખવાનું છે કે તેમાં પણ 'વિવેક'ની જરૂર છે, અને શિખવા લાયક શું છે, તેનો તમારે લક્ષપૂર્વક વિચાર કરવો જોઈએ છે. સઘળું જ્ઞાન ઉપયોગી છે, અને એક દિવસ તમને સઘળું જ્ઞાન મળશે પણ ખરૂં. પણ જ્યાં સુધી તમારે જ્ઞાનના અમુક ભાગથીજ સંતોષ માનવાનો છે ત્યાં સુધી તો તે અમુક ભાગ **એવા પ્રકારનો** પસંદ કરવો જોઇએ કે જે તમને સર્વથી વધારે ઉપયોગી થઈ પડે. પરમાત્મા જ્ઞાન

સ્વરૂપ તેમજ પ્રેમ સ્વરૂપ છે અને જેમ જેમ તમારામાં જ્ઞાન વધારે આવશે તેમ તેમ તમારામાં ઇશ્વરત્વ વધારે ને વધારે પ્રમાણમાં પ્રકટ થઇ શકશે. માટે અભ્યાસ કરો; પણ બીજાઓને મદદ કરવાના કામમાં જે જ્ઞાન તમને બહુજ ઉપયોગી થઇ પડે તેવા જ્ઞાનનો પ્રથમ અભ્યાસ કરો. ધૈર્યથી અભ્યાસ કરજો; લોકો તમને જ્ઞાની માને એટલા માટે અભ્યાસ કરશો નહિ; તેમજ ડાહ્યા બનવા રૂપી સુખ તમને મળે તેવા ખ્યાલથી પણ અભ્યાસ કરશો નહિ; પરંતુ ડાહ્યા મનુષ્યો ડહાપણપૂર્વક બીજાને મદદગાર થઈ શકે છે એટલા ખાતર અભ્યાસ કરજો. બીજાને મદદ કરવાની ગમે તેટલી ઈચ્છા તમને હોય, છતાં જો તમારામાં જ્ઞાનજ ન હોય તો એ બનવા જોગ છે કે તમારે હાથે કોઈનું ભલું થવાને બદલે નુકશાન થઈ બેસશે.

તમારે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવો જોઇએ; તમારે વિચારમાં, વચનમાં અને વર્તનમાં—દરેક બાબતમાં સાચા થવાને શિખવું જોઇએ. પ્રથમ વિચારમાં સાચા થવું જોઇએ; અને આ કામ કાંઈ સહેલું નથી. જગતમાં ઘણા ખોટા વિચારો છે, ઘણા મૂર્ખાઈભરેલા વ્હેમો છે; અને જે પુરૂષ આ વિચારો અને વ્હેમોનો ગુલામ બને છે, તે કદાપિ ઉન્નતિ સાધી શકતો નથી.

માટે ઘણા મનુષ્યો અમુક વિચાર ધરાવતા હોય તે ઉપરથી, અથવા તો મનુષ્યો જેને પવિત્ર ગણતા હોય તેવા કોઈ પુસ્તકમાં અમુક વિચાર લખાયેલો હોય તે ઉપરથી, તે તે વિચારને માની બેસતા નહિ. તમારે તે બાબતનો તમારી જાતે વિચાર કરવો જોઈએ, અને તે વાજબી છે કે નહિ તેનો તમારે પોતે તોલ બાંધવો જોઇએ. હજારો મનુષ્ય અમુક વિષય ઉપર મળતા થાય, પણ જો તેઓને તે વિષયનું ખરૂં જ્ઞાન ન હોય તો તેઓનો અભિપ્રાય કિંમત વગરનો છે.

મહાન્ ગુરૂના ચરણારવિંદ તરફ દોરી જનારા માર્ગ ઉપર ચાલવાની જેને ઇચ્છા હોય તેણે **પોતાની મેળે** વિચાર કરતાં શિખવું જોઈએ; કારણ કે વ્હેમ–ખોટી માન્યતા એ આ જગતમાં પ્રસરાયલો મોટામાં મોટો અનર્થ છે, અને એ એક એવું બંધન છે કે તેમાંથી તમારે તો તદ્દન મુક્તજ થવું જોઈએ.

બીજા લોકો સંબંધીના તમારા વિચારો **સાચા** હોવા જોઈએ; બીજા સંબંધમાં જે બાબતો તમે જાણતા ન હો તે સંબંધી તમારે વિચાર કરવો નહિ. તેઓ હમેશ તમારોજ વિચાર કરે છે, એમ ધારતા નહિ. જો કોઇ કંઇ કામ કરે અને તે તમને નુકશાનકારક થશે એમ તમને

લાગે, અથવા જો કોઈ કાંઈ કહે અને તેથી તમને નુકશાન થશે એમ તમને લાગે, તો તેવે વખતે એકદમ એમ વિચાર કરશો નહિ કે "મને નુકશાન કરવાના ઈરાદાથીજ તેણે આમ કર્યું છે કે કહ્યું છે." કદાચ તેણે તમારા સંબંધી વિચાર સરખો પણ કર્યો નહિ હશે; કારણ કે દરેક જીવને પોતાની મુશીબતો હોયછે, તેથી તેના વિચારો મુખ્યત્વે તે મુશીબતોને લગતા જ હોય છે. જો કોઇ મનુષ્ય ક્રોધથી તમારી સાથે બોલે તો એકદમ "તે મને ધિક્કારે છે, તે મારૂં મન દુખવવા ઇચ્છે છે", એવો વિચાર કદી કરતા નહિ. ઘણીવાર એમ બને છે કે કોઈ સખસ કોઈ માણસને લીધે કે કંઇ બાબતને લીધે ગુસ્સે થયેલો હોય છે અને તેવામાં તમે મળી આવ્યા, તેથી તે તેનો ગુસ્સો તમારા પર કહાડે છે! અલબત તેનું આ ક્રોધી વર્તન મૂર્ખાઇભરેલું છે, કારણ કે દરેક પ્રકારનો ક્રોધ એ મૂર્ખાઇ છે; પણ તે ઉપરથી તમારે તેને વિષે ખોટો વિચાર કરવો જોઇતો નથી.

જ્યારે તમે કોઇ મહાન્ ગુરૂના શિષ્ય થાઓ ત્યારે તમારો અમુક વિચાર સત્ય છે કે નહિ તે જોવા માટે તમારો વિચાર તે મહાત્માના વિચારની જોડમાં મૂકીને તપાસી શકો. કારણ કે શિષ્ય અને ગુરૂનું ઐકય હોય છે,

અને જેવો તે પોતાનો વિચાર ગુરૂના વિચારની જોડમાં મૂકે છે કે તરતજ તે તેને બંધબેસતો થાય છે કે નહિ તે જણાઇ આવે છે.

જો શિષ્યનો વિચાર ગુરૂના વિચારને બરાબર બંધ-બેસતો ન જણાય તો શિષ્યે માનવું કે પોતાનો તે વિચાર ખોટો છે; અને તે ખોટો વિચાર તુરતજ બદલી નાખવો. કારણકે મહાન ગુરૂનો વિચાર તો અચૂક સંપૂર્ણ સત્ય છે; કારણ કે તે સર્વ જાણે છે.

જેઓને ગુરૂએ શિષ્ય તરીકે હજી અંગીકાર કરેલા નથી તેઓ બરોબર ઉપર લખ્યા પ્રમાણે કસોટી કરી શકશે નહિ; તથાપિ તેઓ પણ "જે સંજોગોમાં હું મુકાયલો છું તે જ સંજોગોમાં મહાન્ ગુરૂ પોતે હોય તો તે શું વિચારે, કહે અગર કરે ?" એવો વિચાર કરે તો તેમને ઘણો લાભ થયા સિવાય રહે નહિ. મહાન્ ગુરૂને જે વિચારતા, જે કહેતા, અથવા જે કરતા તમે કલ્પી ન શકો તેવું કાંઇ પણ તમે કદી વિચારશો નહિ, બોલશો નહિ, અને કરશો નહિ.

તમારે બોલવામાં બહુ જ ચોક્કસ રહેવું જોઇએ, જરા પણ અતિશયોક્તિ કરવી નહિ. બીજાઓના ઉદ્દેશો જાણ્યા સિવાય તેઓએ અમુક ઉદ્દેશથીજ અમુક કામ

કર્યું હશે એમ તમે કદી કહેતા નહિ. માત્ર તેનો ગુરૂજ તેના વિચારોને જાણે છે અને તમારી કલ્પનામાં પણ ન હોય એવાં એવાં કોઈ કારણોસર તે સખસ અમુક કામ કરતો હોય એ સંભવ છે.

તમે કોઇની વિરૂદ્ધ કાંઈ વાત સાંભળો તો ફરીથી તે વાત બીજા સમક્ષ ઉચ્ચારતા નહિ. કદાચ તે વાત ખરી ન પણ હોય, અને ખરી હોય તોપણ કાંઇ ન કહેવું એ વધારે દયા ભરેલું છે. કાંઇ પણ બોલવા પહેલાં બરાબર વિચાર કરજો, રખેને ભૂલભરેલી વાત બોલાઈ જાય. તમારાં કાર્યોમાં–વર્તનમાં પણ સાચા બનો. તમારામાં જે ગુણ હોય તે કરતાં જૂદી જાતના ગુણ ધરાવવાનો ઢોંગ ન કરશો. દરેક પ્રકારનો ઢોંગ સત્યના નિર્મળ પ્રકાશને આડખીલ રૂપ થઇ પડે છે. જેવી રીતે સૂર્યનું તેજ નિર્મળ કાચ દ્વારા પ્રકાશે છે, તેવીજ રીતે તમારી અંદર થઇને સત્યનું પવિત્ર તેજ પ્રકાશવું જોઇએ.

સ્વાર્થી કામ અને નિઃસ્વાર્થી કામ વચ્ચે પણ તમારે વિવેક કરતાં શિખવું જોઇએ. સ્વાર્થ ઘણાં રૂપ ધારણ કરે છે; જ્યારે તમે ધારો છો કે 'સ્વાર્થના એક રૂપને મેં નાબુદ કર્યું છે' ત્યારે તે બીજા રૂપમાં તેટલાજ જોરથી દેખાવ દે છે.

તથાપિ ધીમે ધીમે, બીજાઓને મદદ કરવાનો વિચાર તમારામાં એટલો બધો વ્યાપી રહેશે કે સ્વાર્થનો–તમારી જાતનો વિચાર કરવાને તમને અવકાશ કે સમય-જ મળશે નહિ.

બીજી પણ એક બાબતમાં તમારે આ **વિવેક** ગુણ ખીલવવો જોઇએ છે. અમુક મનુષ્ય અથવા અમુક વસ્તુ બ્હારથી ગમે તેવી ખરાબ દેખાય તે છતાં તે મનુષ્ય કે તે વસ્તુમાં રહેલા **ઇશ્વરત્વને** પારખતાં શિખો. તમારામાં અને તમારા જાતિભાઈમાં બન્નેમાં રહેલી એવી કોઇ સામાન્ય ચીજ હોય તો તે 'દૈવી જીવન' છે અને તે દૈવી જીવનના સામાન્ય તત્ત્વ દ્વારા તમે તમારા જાતિભાઇને મદદ કરી શકો તેમ છે. તેનામાં તે દૈવી જીવન જાગૃત કરતાં શિખો, તેનામાં રહેલા તે દૈવી જીવનના નામથી તેને અરજ કરતાં શિખો; આ રીતે તમે તમારા જાતિભાઇને અશુભ માર્ગથી બચાવી શકશો.

દ્વિતીય સાધન.

મહાન્ ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર સાધનો સંપાદન કરવાં જરૂરનાં છે તે ચારમાંના બીજા સાધન તરફ આપણે ફરીશું. તે બીજાનું નામ 'ઇચ્છા-રહિતપણું,' 'વૈરાગ્ય' અથવા 'નિરિચ્છક ભાવ' છે.

આ જગતમાં ઘણા પુરૂષો એવા છે કે જેમને નિરિચ્છક ભાવ અથવા ઈચ્છારહિતપણાનો ગુણ પોતામાં ખીલવવાનું કામ ઘણુંજ મુશ્કેલ લાગે છે. આ મુશ્કેલી લાગવાનું કારણ એ છે કે તેઓ એમ માનતા હોય છે કે, " અમારી ખાસ ઇચ્છાઓ, અમારો રાગ અને અમારો દ્વેષ એટલું જો અમારામાંથી લેઇ લેવામાં આવે તો પછી 'અમે' રહ્યાજ ક્યાં ?" તેઓ 'આત્મા' અને 'ઇચ્છા' એ બેને એક માને છે !

આવા પુરૂષો કોણ હોય છે? જેમણે **મહાન્ ગુરૂ**ને જોયા નથી તેઓજ માત્ર. પરન્તુ **મહાન્ ગુરૂ**ની સમક્ષ આવતાં જ એવી સઘળી 'ઇચ્છા' અદૃશ્ય થાય છે; માત્ર તે ગુરૂના જેવા **થવાની** ઇચ્છા જ ટકી રહે છે.

એવા **મહાન્ ગુરૂ**ને રૂબરૂમાં મળવાનું સુભાગ્ય તમને પ્રાપ્ત ન થયું હોય તોપણ તમે તે 'નિરિચ્છક

ભાવ ' પ્રાપ્ત કરી શકો ખરા,—માત્ર તમે એ પ્રાપ્તિ માટે દૃઢ સંકલ્પ કરો **તો.**

શરૂઆતમાં તમે કેળવેલો **વિવેકનો** ગુણ તમને ક્યારનોએ શીખવી ગયો છે કે ધન–સત્તા વગેરે જે ચીજો ઘણાખરા માણસો ઇચ્છે છે તે સર્વ **મેળવવા લાયક નથી.** જો તમે આમ બોલીને જ બેસી ન રહો, અને જો તમને આ સત્યનો **સાક્ષાત્કાર** થાય (માત્ર ' **જ્ઞાન** ' જ નહિ પણ આ બાબતનું જો તમને ' **દર્શન** ' થાય) તો તે તે ચીજોની **ઈચ્છા** બંધ પડી જાય.

આટલે સુધી તો બધું સરળ છે. વાતમાં વાત એટલી જ છે કે તમારે **સમજવું** જોઇએ. પણ કેટલાક એવાએ મનુષ્યો આ દુનીઆમાં પડયા છે કે જેઓ **જગતની** વસ્તુઓની પ્રાપ્તિ પાછળ પડવું **છોડી દે છે ખરા,** પણ એમ કરવામાં તેમનો **આશય** દેવલોક મેળવવાનો કે જન્મ–મરણથી પોતે છૂટા થાય એવો હોય છે. આવી જાતની ભૂલમાં **તમે** કદી ન પડશો.

જો તમે ' હું પણું ' છેકજ ભૂલી ગયા હો તો તો, તે ' હું ' ક્યાંરે મુક્ત થશે, અગર કેવી જાતનું સ્વર્ગ તેને મળશે એ બાબતનો વિચાર તમે કરી શકો જ નહિ. યાદ રાખજો કે **બધી જાતની** સ્વાર્થી ઇચ્છાઓ બંધન-

કારક છે, પછી ભલેને તમારૂં લક્ષ્ય ગમે તેવું ઉચ્ચ હોય તેથી શું ? અને જ્યાં સુધી તમે દરેક પ્રકારની સ્વાર્થી ઇચ્છાઓથી મુક્ત ન થાઓ ત્યાં સુધી, મહાન્ ગુરૂના કામમાં તમારૂં ચિત્ત સર્વાંશે લગાડવાને તમે સ્વતંત્ર નથી, એ પણ યાદ રાખજો.

જ્યારે 'હું' સંબંધી સઘળી ઇચ્છાઓ જતી રહે, ત્યારે પણ તમારા કામનું ફળ જોવાની તો ઇચ્છા રહેવા પામે ખરી. તમે કોઇને મદદ કરો છો ત્યારે તમે એટલું તો જોવા ઇચ્છો છો જ કે તેથી તે સખસને કેટલો લાભ થયો ? કદાચ તમે એમ પણ ઇચ્છો છો કે મદદ લેનાર સખસ તમારા વડે તેને થયેલો ફાયદો જાણવા પામે અને મનથી તમારો આભાર માને. અરે આ પણ 'ઇચ્છા' જ છે અને 'કર્મના અચળ નિયમ' માં શ્રદ્ધા ન હોવાનું જ એ પરિણામ છે. જ્યારે જ્યારે તમે કોઇને મદદ કરવા માટે તમારૂં બળ વાપરો છો ત્યારે ત્યારે તેનું કાંઇ નહિ ને કાંઇ પરિણામ તો અવશ્ય આવે છેજ; તે પરિણામ તમે જોઇ શકો અગર કદાચ ન પણ જોઇ શકો છતાં પરિણામ તો આવવાનું જ. જો તમે ઇશ્વરી કાનુનને જાણતા હો તો આમ બનવું જ જોઇએ એ પણ તમારા જાણવામાં જ હોય. માટે બદલાની આશા સિવાય, સારાને ખાતર સારૂં તમારે કરવું જોઇએ. ફળ મેળવવાની આશાથી

નહીં પણ **કામને** ખાતર તમારે કામ કરવું જોઇએ. તમારે જગતની સેવામાં તમારી જાતને અર્પણ કરવી જોઇએ; **એટલા ખાતર** કે તમે જગસેવાને ચાહો છો અને તમારી વ્હાલી જગસેવાને તમારી જાત અર્પણ કર્યા સિવાય તમારાથી **રહી શકાતું** જ **નથી.**

સિદ્ધિઓની આકાંક્ષા રાખતા નહિ. જ્યારે **મહાન્** ગુરૂને જણાશે કે ' હવે તો આ મનુષ્યને સિદ્ધિ મળશે તો તેથી તેને લાભ જ થશે ' તે વખતે સિદ્ધિઓ જરૂર તમને **આવી મળશે.** તે વખત **પહેલાં** તે પ્રાપ્ત કરવા મથવું એ તો સંકટ માગી લેવા બરાબર જ છે. ઘણી વાર આવી સિદ્ધિઓ ધરાવનાર પુરૂષ હલકાં સત્ત્વોથી અથવા ઠગારાં ભૂતોથી ખોટે માર્ગે દોરવાઈ જાય છે, અથવા તો પોતે અભિમાની બને છે, અને ' મારી ભૂલ થાય જ નહિ' એમ માની બેસે છે. આ અથવા બીજું ગમે તે પરિણામ આવે તોપણ-એટલું તો ખરૂં જ કે બીજાઓની સેવામાં વાપરવા લાયક સમય તથા બળનો તેઓ ભોગ લે છે એ પણ કાંઈ થોડું નુકશાન નથી. હા, તમે જેમ જેમ ઉન્નત થતા જશો.એટલે કે તમારી આંતરિક શક્તિઓ જેમ જેમ ખીલતી જશે તેમ તેમ તે સિદ્ધિઓ તમને એક પછી એક આપોઆપ મળવા માંડશે; જરૂર તે આપોઆપ તમારી

બનશે. એટલું જ નહિ પણ જો મહાન્ ગુરૂને એમજ જણાય કે તમને સિદ્ધિઓ જલદી મળે એ હિતકારક છે તો તે સિદ્ધિઓ નિર્ભય રીતે કેમ ખીલવી શકાય તે સર્વ તે ગુરૂ તમને સમજાવશે. તેવો વખત આવતાં સુધી તો તમે સિદ્ધિઓ વગર જ રહો એ તમારે માટે વધારે સલામતીભરેલું છે.

દરરોજના જીવનવ્યવહારમાં જે અનેક નાની નાની ઇચ્છાઓ ઉત્પન્ન થતી જોવામાં આવે છે તેવી ઇચ્છાઓથી તમે સાવધાન રહેજો. દાખલા તરીકે તમારો ભભકો દેખાડવાને અથવા તો હોંશીયાર ગણાવાને કદાપિ ઇચ્છતા નહિ. બોલબોલ કરવાની ઇચ્છા કરતા નહિ. જેમ બને તેમ થોડું બોલવું તેમાં જ સાર છે. જે કાંઇ તમે કહેવા ઇચ્છતા હો તે સત્ય, પ્રિય, અને સહાયકારી છે એવી તમારી પૂરેપૂરી ખાત્રી થાય ત્યાં સુધી મૌન ધરવું એ જ શ્રેષ્ઠ છે. કંઇ પણ બોલવા પહેલાં આટલો વિચાર બરાબર કાળજીપૂર્વક કરજો કે “ હું જે બોલવા ઇચ્છું છું. તેમાં સત્યતા, પ્રિયતા અને સહાયકારીપણાના ગુણો છે?” જો તે ત્રણ તત્ત્વ ન હોય તો મુદ્દલ બોલતા જ નહિ.

બોલતા પહેલાં કાળજીપૂર્વક વિચાર કરવાની ટેવ અત્યારથી જ પાડવી એ ઘણું સારૂં છે; કારણ કે જ્યારે

તમે 'દીક્ષા'ની દશાએ પહોંચશો ત્યારે તમારે દરેક શબ્દ ઉપર ચોકી રાખવી પડશે, નહિ તો કદાપિ ન કહેવા જેવી વાત તમારાથી બોલાઇ જશે. સામાન્ય રીતે જે વાતચીત કરવામાં આવે છે, તેમાંની ઘણીખરી તો નકામી જ અને મૂર્ખાઇભરેલીજ હોય છે અને વળી જો એ વાત-ચીત પરનિંદાની ગપસપ હોય છે ત્યારે તો માત્ર મૂર્ખાઇ-ભરેલી જ નહિ પણ **દુષ્ટતાભરેલી** હોય છે. માટે વાત **કહેવા** કરતાં વાત **સાંભળવાની** ટેવ પાડો. જ્યાં સુધી તમારો અભિપ્રાય સીધી રીતે પૂછવામાં ન આવે ત્યાં સુધી તમારો અભિપ્રાય રજુ કરતાજ નહિ. મુમુક્ષુના ગુણોની એક વ્યાખ્યા આ પ્રમાણે છે; **જાણવું, હિમ્મત ધરવી, દૃઢ સંકલ્પ કરવો અને મૌન રહેવું**, આ ચારમાં-નો છેલ્લો ગુણ સૌથી વધારે કઠીન છે.

બીજી પણ એક ઇચ્છા કે જે ઘણી સામાન્ય જોવામાં આવે છે અને જેને તમારે સખ્તાઇથી દાબી દેવી જોઇએ છે તે, **બીજાઓના કામમાં માથું મારવાની ઈચ્છા** છે. બીજો મનુષ્ય શું કરે છે, શું કહે છે અથવા શું માને છે તેની સાથે તમારે કશો સંબંધ નથી; અને તે વિષે છેક **તટસ્થ** રહેતાં તમારે શિખવું જોઇએ. જ્યાં સુધી તે માણસ બીજા મનુષ્યની વચ્ચમાં ન આવે ત્યાં સુધી **સ્વતંત્ર** વિચાર કરવાને, સ્વતંત્ર શબ્દો બોલવાને અને

સ્વતંત્ર કાર્ય કરવાને તેને સંપૂર્ણ હક્ક છે. "મને જે યોગ્ય લાગે તે કરવાની મને સ્વતંત્રતા છે" એવો હક્ક તમે પોતેજ માગો છો, તો પછી તમારે બીજાને પણ તેટલી જ સ્વતંત્રતા ભોગવવા દેવી જોઇએ; અને જ્યારે તે બીજો સખસ તે સ્વતંત્રતાનો ઉપભોગ કરતો હોય ત્યારે તેને વિષે વાત કરવાનો તમને કશો હક્ક નથી. જો તમને એમ લાગતું હોય કે તે ખોટું કરે છે, અને જો તમે સભ્યતાથી અને ખાનગી રીતે તમારા વિચારો તેને દર્શાવવાનો પ્રસંગ લેઈ શકો તો તમે તેને સમજાવી શકો એવો સંભવ રહે છે. પણ ઘણીએક બાબતોમાં તો આમ કરવું તે પણ અયોગ્ય રીતે માથું મારવા બરાબર છે. તેમાં પણ આટલું બરાબર યાદ રાખજો કે કોઈ પણ કારણસર તમારે ત્રીજા મનુષ્ય પાસે જઇને તેની નિંદા તો ન જ કરવી; કારણ કે તેમ કરવું એ તો ઘણુંજ દુષ્ટ કામ છે. જો તમે કોઇ બાળક તરફ અથવા પશુ તરફ ઘાતકીપણું ગુજરાતું જુઓ તો વચ્ચમાં પડવાનો તમારો ધર્મ છે. જો તમે કોઇ પણ મનુષ્યને દેશના કાયદાનો ભંગ કરતો જોવા પામો તો તમારે સત્તાધારી પુરૂષોને તેની ખબર આપવી જોઇએ. જો તમારા હાથ નીચે કોઈ મનુષ્યને શિખવા માટે મૂકવામાં આવ્યો હોય તો મીઠાશથી તેના દોષ બતાવવા એ તમારૂં કર્ત્તવ્ય છે. આવી બાબતો સિવાય તમારે તમારા કામમાં જ ધ્યાન આપવું અને મૌન ભજવાનો સદ્ગુણ ખીલવવો.

તૃતીય સાધન.

મહાન્ ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર સાધનો સંપાદન કરવાં જરૂરનાં છે તે ચારમાંના ત્રીજાનું નામ સદ્વર્તન અથવા શુદ્ધ ચારિત્ર એવું છે. ચારિત્રની બાબતમાં છ સદ્ગુણો ખીલવવા જરૂરના છે, જેમનાં નામ* મહાન્ ગુરૂએ આ પ્રમાણે આપ્યાં છે:—

૧. માનસિક આત્મસંયમ.
૨. કાયિક આત્મસંયમ.
૩. પરમત સહિષ્ણુતા.
૪. ખુશમિજાજ.
૫. એકાગ્રતા.
૬. શ્રદ્ધા.

અગાઉ કહેલી ચાર યોગ્યતાઓને કેટલાકો જુદાં નામથી ઓળખાવે છે તેમ આ છ સદ્ગુણોને પણ કેટલાકો જુદાં નામો આપે છે, આ વાત મારા જાણવા બહાર નથી;

* આ છને અંગ્રેજીમાં Self-control as to the mind, Self-control in Action, Tolerance, Cheerfulness, One-pointedness, Confidence એવાં નામ અનુક્રમે અપાયલાં છે.

પરંતુ મને તો મહાન ગુરૂએ આ બધું સમજાવતી વખતે જે નામો કહેલાં તે જ નામો હું અહીં વાપરૂં છું.

[૧] મન સંબંધી આત્મસંયમઃ—વૈરાગ્યનો ગુણ આપણને શિખવે છે કે 'વાસના શરીર' ને કાબુમાં રાખવું જોઇએ. આ ગુણ આપણને 'માનસિક શરીર' વશ કરવાને જણાવે છે. તમારે તમારા મિજાજ ઉપર કાબુ રાખવો જોઇએ, કે જેથી કરીને તમે ક્રોધે ન ભરાઓ કે અધીરા ન બનો. તેમજ તમારે મનપર પણ કાબુ રાખવો જોઇએ, કે જેથી કરીને તમારા વિચારો શાંત અને ઉદ્વેગ વગરના બને. મનના સંયમ દ્વારા તમારે જ્ઞાનતંતુઓ ઉપર પણ કાબુ મેળવવો જોઇએ, કે જેથી કરીને તે જેમ બને તેમ ઓછાં ઉશ્કેરાઇ જાય. આ જ્ઞાનતંતુઓ ઉપર કાબુ મેળવવો ઘણો મુશ્કેલ છે, કારણ કે જ્યારે તમે માર્ગમાં પ્રવેશ કરવાને તૈયારીઓ કરો છો, ત્યારે તમારા શરીરને વધારે લાગણી-વાળું—સૂક્ષ્મ ધ્રુજરીઓ ગ્રહણ કરવાને અનુકૂળ—બનાવ્યા સિવાય તમને ચાલશે જ નહિ. અને શરીર વધારે લાગણીવાળું થવાથી તમારાં જ્ઞાનતંતુઓ નાના સરખા અવાજથી કે ધ્રાસકાથી એકદમ સંક્ષોભ પામશે અને તેનું દબાણ તમારાપર ભારે થશે. પરન્તુ બનતો પુરૂષાર્થ કરવાથી સઘળી મુશ્કેલી દૂર થશે.

'શાન્ત મન' એ શબ્દમાં 'હિંમત' અથવા 'ધૈર્ય–'નો સમાવેશ થાય છે. પવિત્ર માર્ગે વિચરતાં જે કસોટીઓ અને સંકટ સતાવવા આવે છે તેમના સામે નિર્ભય રીતે ટક્કર ઝીલવામાં આ હિંમત કામ લાગે છે.

'શાન્ત મન' એ શબ્દમાં વળી 'સ્થિરતા'નો પણ સમાવેશ થાય છે. દરરોજના જીવન પ્રસંગમાં આવતી અડચણોને, આ 'સ્થિરતા' વડે તમે નજીવી ગણતાં શિખી શકશો, અને જે નાની નાની બાબતોની ચિંતાઓમાં પડીને મનુષ્યો પોતાનો ઘણોખરો વખત ગુમાવે છે તેવી ચિંતાઓથી તમે દૂર રહી શકશો.

મહાન્ ગુરૂ શિખવે છે કે "તારે માથે બહારથી જે કાંઇ આવી પડે છે તે કશાની દરકાર કરતો નહિ. દિલગીરી, ગુશીબત, માંદગી કે નુકસાન એ સર્વને નિર્માલ્ય ગણજે અને તારા મનની શાન્તિમાં તેમને લીધે ભંગાણ પડવા દઈશ નહિ. એ સર્વ પૂર્વકૃત કર્મનાં પરિણામ અથવા ફળ છે, અને જ્યારે તે આવી પડે ત્યારે ખુશમિજાજથી તે સહન કરવાં જોઇએ તથા યાદ રાખવું જોઇએ કે સઘળું દુઃખ ક્ષણભંગુર છે અને તારો ધર્મ તો નિરંતર આનંદી અને શાન્ત રહેવાનો જ છે."

સુખીબત, માંદગી કે નુકશાન એ સર્વ તમારા પૂર્વ ભવને લગતી બાબતો છે, આ ભવને લગતી નથી. તમે તેને બદલી શકવાના નથી જ, માટે તે સંબંધી ચિંતાયુક્ત વિચાર કરવો તે નિરર્થક છે. હાલ તો માત્ર એટલો જ વિચાર કરો કે, "હું હાલ શું કરૂં છું?" કારણ કે હાલના કૃત્ય ઉપર તમારી બીજી જીંદગીના બનાવોનો આધાર છે; તે તો તમે બદલવાને શક્તિમાન છો.

કોઇ પણ વખતે ઉદાસી કે દિલગીરીને વશ થતા નહિ. ઉદાસી ખોટી છે, કારણ કે તે ચેપી રોગની માફક બીજાને પણ અસર કરે છે, અને આ રીતે બીજાનું જીવન વધારે કષ્ટમય બનાવે છે, કે જેમ કરવાનો તમને કશો અધિકાર નથી. માટે જો કદાચ ઉદાસી તમારાપર આવી પડે તો તમે તેને તરત જ દૂર ફેંકી દેજો.

હજી એક બીજી રીતે તમારા વિચારોને કાબુમાં રાખવા જોઇએ. તમારે વિચારોને ભટકવા દેવા નહિ. તમે જે કાંઈ કામ કરતા હો તે ઉપર તમારૂં ચિત્ત બરાબર ચ્હોંટાડો, કે જેથી કરીને તે સંપૂર્ણ રીતે થાય.

તમારા મનને નકામું પણ બેસી રહેવા દેશો નહિ; પણ તેની પાછળ નિરંતર સારા વિચારો રાખ્યા કરો, કે

જેથી કરીને જ્યારે જ્યારે તમારા મનને અવકાશ હોય ત્યારે ત્યારે પેલા વિચારો બ્હાર નીકળી આવે.

તમારી વિચારશક્તિને દરરોજ સારા કામમાં વાપરો. વિશ્વની ઉત્ક્રાન્તિના રસ્તે એક શક્તિ તરીકે તમારે કામ કરવું જોઇએ.

કોઈ માણસ દુઃખમાં, દીલગીરીમાં કે મદદની જરૂર પડે એવી સ્થિતિમાં આવેલો છે એમ તમારા જાણવામાં આવે તેવા કોઈ મનુષ્ય સંબંધે દરરોજ વિચાર કરો અને વિચાર દ્વારા એના ઉપર પ્રેમનો પ્રવાહ વહેવરાવો.

તમારા મનને ગર્વમાંથી પાછું ખેંચી લ્યો, કારણ કે ગર્વ અજ્ઞાનથી જ ઉદ્ભવે છે. જે મનુષ્યને જ્ઞાન નથી તે પોતાને મહાન્ સમજે છે અથવા તો પોતે આ કે પેલું મ્હોટું કામ કર્યું એમ વિચારે છે. જ્ઞાની મનુષ્ય વિચારે છે કે ફક્ત પરમાત્મા જ મહાન્ છે અને સઘળાં સારાં કામ તેનાથી જ થાય છે.

(૨) **કાર્યમાં આત્મસંયમઃ**–તમારા વિચાર જેવા જોઇએ તેવાજ હોય તો તમને તમારા કામમાં મુદ્દલ અડચણ પડશે નહિ. પણ આ સ્થળે યાદ રાખવું જરૂરનું છે કે મનુષ્ય જાતિનું ભલું કરવાને માટે, વિચાર કરીનેજ

ન બેસી રહેતાં તે વિચારને પરિણામે કાર્ય પણ થવું જોઇએ. સારા કામમાં સુસ્તી કે પ્રમાદ નહિ કરતાં નિરંતર મંડયા રહેવું જોઇએ.

તમારે માત્ર તમારી **પોતાનીજ** ફરજ બજાવવી જોઇએ; બીજા કોઈની ફરજ તેની રજા સિવાય અને તેને મદદ કરવાના હેતુ સિવાય કદી બજાવવી નહિ. દરેક મનુષ્યને તેની મેળે અને તેની પોતાની રીતે તેનું કામ કરવા દો.

જ્યાં તમારી મદદની જરૂર પડે ત્યાં તે આપવા તૈયાર રહેજો; પણ કદાપિ બીજાના કામમાં માથું મારતા નહિ.

" પોતાના જ કામમાં ચિત્ત રાખવું (અને બીજાના કામમાં માથું નહિ મારવું) " એ પાઠ શિખવો ઘણા માણસોને અતિ મુશ્કેલ લાગે છે, પણ એ પાઠ તમારે તો બરાબર શિખવો જ પડશે.

તમે એકાદ **ઉચ્ચ કર્ત્તવ્ય** કરવાનું માથે લો, તેથી કાંઈ તમારાં **સામાન્ય** કર્ત્તવ્ય ભૂલી જવાનો તમને હક્ક મળતો નથી. જ્યાં સુધી તે ન કરવામાં આવે ત્યાં સુધી બીજી ફરજો બજાવવાને તમને સ્વતંત્રતા નથી. તમારે કોઇ પણ **નવી** સાંસારિક ફરજો માથે લેવી નહિ, પણ

જે તમે અત્યાર પહેલાં માથે લીધી હોય તે તો તમારે પૂરેપૂરી રીતે અદા કરવી જ જોઇએ. જે ફરજો તમને સ્પષ્ટ રીતે વાજબી અને ' ફરજ ' રૂપ જ લાગતી હોય તેવી ફરજો (નહિ કે બીજાઓએ તમારે માથે મુકેલી કાલ્પનિક ફરજો) તમારે પૂરેપૂરી અદા કરવી જોઇએ. જો તમારે મહાન્ ગુરૂના શિષ્ય બનવું જ હોય તો, તમારાં દરરોજનાં સામાન્ય કામો બીજા મનુષ્યો કરતાં પણ વધારે સારી રીતે બજાવી બતાવો, નહિ કે બીજાઓ કરતાં ખરાબ રીતે. એવાં સામાન્ય કામો પણ તમારે તો મહાન્ ગુરૂની ખાતર જ કરવાનાં છે.

(૩) **પરમતસહિષ્ણુતાઃ**–તમારે સર્વ તરફ સંપૂર્ણ સહિષ્ણુતા દાખવવી જોઇએ અને તમારા પોતાના ધર્મના જેટલોજ બીજા ધર્મના મનુષ્યોની માન્યતાઓમાં પણ તમારે અંતઃકરણપૂર્વક ભાગ લેવો જોઇએ; કારણ કે તેઓનો ધર્મ પણ તમારા ધર્મની માફક ઉચ્ચ પદ મેળવવાનો માર્ગ છે. અને તમે સઘળાને મદદ કરવાને શક્તિમાન થાઓ એટલા માટે સઘળાઓનો સ્વભાવ તમારે જાણવો જોઇએ.

પણ આવી ઉચ્ચ પરમતસહિષ્ણુતા મેળવવાને માટે તમારે પ્રથમ તો **ધર્માન્ધપણાથી** અને **વ્હેમથી** મુક્ત

થવું જોઇએ. તમારે શિખવું જોઇએ કે ધર્મની બાહ્ય વિધિઓ અથવા બાહ્ય ક્રિયાઓ જરૂરની નથી; નહિ તો જે મનુષ્ય તેવી ક્રિયાઓ નહિ કરતો હોય તેના કરતાં કાંઇ પણ રીતે તમે પોતાની જાતને વધારે ઉચ્ચ ગણુશો. જો કે બાહ્ય વિધિઓથી **તમારે** દૂર રહેવાનું છે તથાપિ જે લોકો એવી ક્રિયાને હજી વળગી રહેતા હોય તેમને **ધિક્કારવાનો** તમને હક્ક નથી. તેમને તેમની ઇચ્છા પ્રમાણે વર્તવા દો. તમારે માત્ર એટલું જ જોવાનું છે કે તમે કે જેઓ સત્યને જાણો છો તેમના કામમાં તેઓ માથું ન મારે અને જે સ્થિતિ તમે પસાર કરી ગયા છો તે સ્થિતિ તરફ તેઓ તમને જોરથી પાછા ન ધક્કેલે,—એટલુંજ માત્ર તમારે સાચવવાનું છે. દરેક બાબતમાં નમતી દોરી મેલતાં શિખો. બધા તરફ માયાળુ રીતે વર્તો.

હવે તમારી આંખો ઉઘડી છે, તેથી કરીને તમારી કેટલીક જૂની માન્યતાઓ, તમારી જૂની ક્રિયાઓ તમને મૂર્ખાઇભરેલી ભાસશે. ખરેખર તેઓ પૈકી કેટલીક તો એવી છે જ; અને જો કે હવે તમે તેમાં ભાગ લેઇ શકો નહિ, છતાં જે ભલા આત્માઓને તે ક્રિયાઓ હજી જરૂરની લાગે છે તેમને સારૂ તેને માન આપો. તેઓને પણ (આ વિશ્વમાં) સ્થાન છે; તેઓનો પણ ઉપયોગ છે.

તમે તમારી મેળે સારી રીતે અને છૂટે હાથે લખતાં શિખ્યા ત્યાં સુધી જે બે લીટીઓએ તમારી બાળક અવસ્થામાં તમને સીધ્યું અને બરાબર લખતાં શિખવ્યું હતું તે બે લીટીઓ જેવીજ આ ક્રિયાઓ છે. એક વખત એવો પણ હતો કે જ્યારે તમને તે જરૂરની લાગતી હતી, પણ હવે તે વખત વીતી ગયો છે.

એક મહાન્ ગુરૂએ એક વખત લખ્યું છે કે "જ્યારે હું બાળક હતો ત્યારે હું બાળક માફક બોલતો, બાળકની માફક સમજતો, અને બાળકની માફક વિચારતો; પણ જ્યારે હું મ્હોટો મરદ થયો ત્યારે મેં બાળક્રીડા છોડી દીધી." પરંતુ પોતાની બાલ્યાવસ્થા ભૂલી ગયો હોય એવો કોઈ સખસ બાળકો તરફની દિલસોજી પણ ભૂલી જાય તો તેવો સખસ બાળકોને શિખવી કે મદદ કરી શકે નહિજ. માટે બૌદ્ધ શું કે હિંદુ શું, જૈન શું કે યાહુદી શું, ખ્રીસ્તી શું કે મુસલમાન શું, સઘળા તરફ માયાળુ, પ્રેમી અને સહિષ્ણુતામય દૃષ્ટિથી જોતાં શિખો.

(૪) આનંદ–ખુશમિજાજઃ—તમારે તમારૂં કર્મ તે ગમે તેવું હોય તોપણ—આનંદપૂર્વક સહન કરવું જોઇએ. તમારા ઉપર દુઃખ આવે એ તો તમને એક માન મળ્યા બરાબર ગણવું જોઇએ; કારણ કે દુઃખ જણાવે છે કે

કર્મના દેવો તમને મદદ કરવા લાયક ગણે છે. તે દુઃખ ગમે તેવું ભારે હોય તોપણ સંતોષ માનજો કે એટલેથીજ પત્યું અને એથી વધારે ભારે દુઃખ ન આવ્યું. યાદ રાખજો કે જ્યાં સુધી તમારા ખરાબ કર્મનો 'ક્ષય' ન થાય અને તમે છુટા ન થાઓ ત્યાં સુધી મહાન્ ગુરૂને તમે બહુજ થોડા મદદગાર થઇ શકશો. તમે તમારી જાત મહાન્ ગુરૂને અર્પણ કરીને તમારૂં કર્મ જલદીથી ક્ષય પામે એવું માગી લીધું છે, અને આથી કરીને જે કર્મ અન્યથા એકસો જીંદગીમાં પૂરૂં થાત તે કર્મ તમે એક કે બે જીંદગીમાં ભોગવી દ્યો છો, પણ આ સ્થિતિનું સારૂં પરિણામ લાવવાને તમારે તે **આનંદપૂર્વક** અને **ખુશીથી** સહન કરવું જોઇએ.

વળી એક બીજો મુદ્દો ધ્યાનમાં રાખો. 'કોઇ પણ વસ્તુ મારી છે' એ લાગણીને સર્વથા છોડી દો. કર્મ બહુ કરશે તો તમારી વ્હાલામાં વ્હાલી ચીજ અથવા તમારા વ્હાલામાં વ્હાલા મનુષ્યને તમારી પાસેથી ઉપાડી લેશે, પરન્તુ તે વખતે પણ તમારે **આનંદી** રહેવું જોઇએ, હરકોઇ વસ્તુથી છૂટા પડવાને તમારે તત્પર રહેવું જોઇએ. ઘણીવાર મહાન્ ગુરૂ પોતાનું બળ પોતાના શિષ્યદ્વારા બીજામાં ઉતારવાની જરૂર જુએ છે; હવે જો તે શિષ્ય ઉદાસીને આધીન હોય તો મહાન્ ગુરૂનું તે કામ થઇ

શકતું નથી; માટે નિયમિત રીતે આનંદી સ્વભાવ રાખવો જોઇએ.

(૫) એકાગ્રતાઃ—તમારી દૃષ્ટિ આગળ આ એક બાબતને હમેશાં ધરી રાખજો કે "મહાન્ ગુરૂનું કામ મારે કરવાનું છે." તમારે બીજું ગમે તે કામ કરવાનું આવી પડે તે છતાં આ તો તમારે કદી પણ ભૂલવું નહિ; ખરૂં જોતાં તો તમારે બીજું કાંઇ પણ કામ કરવાનું આવી પડે જ નહિ, કારણ કે બીજાને મદદ કરવાનું અને નિઃસ્વાર્થી એવું તમામ કામ એ મહાન્ ગુરૂનું જ કામ છે અને તેમની ખાતર જ તે કરવાનું છે. તમે જે જે કામ કરો તે કામમાં સંપૂર્ણ લક્ષ આપો, કે જેથી કરીને તમારાથી બની શકે તેટલું ઉત્તમ તે થવા પામે. તે જ મહાન્ ગુરૂએ એક વખત લખ્યું હતું કેઃ—

'તમે જે કાંઈ કામ કરો તે મહાન્ ગુરૂને માટે કરો છો એમ સમજીને અંતઃકરણપૂર્વક કરો; માણસ માટે કરો છો એમ સમજીને કરશો નહિ."

તમારૂં કામ તપાસવાને મહાન્ ગુરૂ પોતે હમણાં જ આવવાના છે એમ તમને માલુમ હોય તો તે કામ કેવી રીતે તમે કરો તે વિચારો અને એમ સમજીને જ તમારે સઘળું કામ કરવું જોઇએ. જેઓ વધારે જ્ઞાન ધરાવે છે તેઓ

જ ઉપરના વાકયનો શો અર્થ છે, તે બરાબર સમજશે. વળી તે કરતાં પણ એક વધારે જૂનું વચનામૃત છે કેઃ—

"તારા હાથને જે કાંઈ કરવાનું મળી આવે તે સર્વ તારા સઘળા બળથી કરજે."

એકાગ્રતાના ગુણમાં આ વાતનો પણ સમાવેશ થાય છે કે, જે માર્ગમાં તમે દાખલ થયાછો તે માર્ગમાંથી કોઈ પણ કારણે. એક પણ પગ તમારે ખસવું નહિ. કોઇ પણ પ્રકારની લાલચ, કોઇ પણ પ્રકારનું સાંસારિક સુખ, અને કોઈ પણ સાંસારિક રાગને લીધે તમારે તમારા માર્ગથી ડગવું નહિ.

તમારે જાતે તે માર્ગની સાથે એકરૂપ (તન્મય) થઇ જવું જોઇએ. આ ગુણ એટલે બધે દરજ્જે તમારા સ્વભાવરૂપ થઇ જવો જોઇએ કે 'હું માર્ગે ચાલું છું' એવો વિચાર કરવાની જરૂર પડયા સિવાય પણ તમે તેજ માર્ગે [સ્વભાવથીજ] ચાલ્યા જાઓ અને તેનાથી જરા પણ દૂર તમારાથી ખસી શકાય જ નહિ.

તમે—એક આત્માએ આ **નિશ્ચય** કર્યો છે, અને હવે તેનાથી દૂર ભાગવું તે તમારા **આત્માથી** દૂર ભાગવા સમાન છે.

(૬) **શ્રદ્ધાઃ**—તમારે તમારા મહાન્ ગુરૂમાં શ્રદ્ધા રાખવી જોઈએ. જો તમે ગુરૂદેવને એકવાર જોવા પામ્યા હશો તો તો અનેક જન્મો સુધી તેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા તમે રાખશો જ. પણ જો તમે તેમને ન જ જોયા હોય તો તમારે તેમનો સાક્ષાત્કાર થાય.એવો પ્રયત્ન કરવો જોઇએ, અને તેમનાપર શ્રદ્ધા રાખવી જોઇએ. તેમ ન કરો તો એવા ગુરૂ પણ તમને મદદ કરી શકે નહિ. જ્યાં સુધી પૂર્ણ શ્રદ્ધા ન હોય ત્યાં સુધી પ્રેમ અને બળનો પૂર્ણ પ્રવાહ (ગુરૂદેવ તરફથી શિષ્ય તરફ) વહી શકે જ નહિ.

તમારા આત્મામાં પણ તમારે પૂર્ણ વિશ્વાસ રાખવો જોઇએ. શું તમે એમ કહો છો કે " હું મારા આત્માને સંપૂર્ણ રીતે ઓળખું છું ? " ખરેખર જો તમને એમજ લાગતું હોય તો જાણજો કે તમે તમારા આત્માને ઓળખતા જ નથી. તમે તો ફક્ત નબળું બહારનું ફોતરૂં કે જે કાદવમાં ડુબી ગયું છે તેને ઓળખો છો. પણ તમે-ખાસ તમે-તો ઈશ્વરી અગ્નિના કિરણ રૂપ છો, અને પરમાત્મા કે જે સર્વશક્તિમાન્ છે તે તમારામાં છે, અને આ કારણથી જ હું કહું છું કે આ જગતમાં એવું કાંઈ છે જ નહિ કે જે દૃઢ નિશ્ચયવાળા એવા તમને અશક્ય લાગે. તમારા આત્માને આ પ્રમાણે કહોઃ " જો, એક

મનુષ્યે કર્યું છે, તે, બીજો પણ કરી શકશે. હું એક મનુષ્ય છું; પણ મનુષ્યમાં રહેલા ઈશ્વર રૂપ છું. હું આ કામ કરી શકીશ અને હું તે કરીશ જ.” કારણ કે જો તમે મહાન્ ગુરૂના માર્ગપર ચાલવા ઇચ્છતા હો તો તમારી ઇચ્છાશક્તિને, પાયેલા ગજવેલ જેવી (અર્થાત વાળી વળે નહિ એવી) દૃઢ બનાવવી જોઈએ.

ચતુર્થ સાધન.

સઘળાં સાધનોમાં અગર સઘળી યોગ્યતાઓમાં પહેલે નંબરે ‘પ્રેમ’ બીરાજે છે; કારણ કે જો મનુષ્યમાં એક પ્રેમનો જ ગુણ જોઇએ તેટલો બળવાન હોય તો તે બીજા સદ્‌ગુણો મેળવવાને તેને પ્રેરે છે. બીજા હાથ ઉપર જોઇએ તો પ્રેમ સિવાયના બીજા બધા ગુણો મેળવ્યા હોય તો પણ તેટલેથી કામ ચાલશે નહિ. આ ચોથા સાધનને ઘણીવાર જન્મમરણના ચક્રમાંથી છુટા થવાની અને પરમાત્મા સાથે એક થવાની પ્રબળ ઇચ્છા તરીકે ઓળખવામાં આવે છે. પણ આ રીતે એનો અર્થ કરવો એ સ્વાર્થસૂચક છે; કારણ કે તેમાં તે શબ્દનો પુરેપુરો અર્થ આવી જતો નથી.

પ્રેમ એ એવી કોઈ પ્રકારની ઈચ્છા નથી ; પણ એ તો અંતરનો ઠરાવ, ચોક્કસ નિશ્ચય જ છે. જ્યારે તમે તે નિશ્ચયથી તમારા પંડને પુરેપુરો રંગો, જ્યારે તમે એટલા બધા તન્મય બની જાઓ કે તેથી તમારામાં બીજી કોઈ પણ લાગણીને વાસ્તે અવકાશ જ રહેવા પામે નહિ, ત્યારે જ પ્રેમનું પરિણામ દેખાય. પ્રેમ એ અલબત પરમાત્મા સાથે એકરૂપ થવાનો દૃઢ સંકલ્પ છે, પણ તેમાં એવો આશય નથી હોતો કે 'એમ કરવાથી હું દુઃખ અને ઉપાધિમાંથી છૂટું.' પરન્તુ પરમાત્મા તરફના સ્વાભાવિક આકર્ષણને લીધે તમે તેનાથી એકરૂપ બનો અને તેની માફકજ વર્તો એ જ આશય 'પ્રેમ'માં હોય છે. પરમાત્મા પોતે પ્રેમ સ્વરૂપ જ છે; માટે જો તેનાથી એકરૂપ બનવા તમે ચાહતા હો તો તમારે સમ્પૂર્ણ નિઃસ્વાર્થતા અને સમ્પૂર્ણ પ્રેમથી ભરપુર બનવું જોઈએ.

દરરોજના જીવનવ્યવહારમાં આ પ્રેમ બે રીતે અમલમાં મુકાય છે. (૧) જેનામાં 'પ્રેમ' છે તે કોઇ પણ જીવને ઈજા ન થાય એવી સંભાળ રાખે છે (૨) જેનામાં 'પ્રેમ' છે તે મનુષ્ય બીજાને સહાયભૂત થવાના પ્રસંગની નિરંતર શોધમાં રહે છે. આ બે રીતે પ્રેમનું પ્રકટીકરણ થાય છે. અર્થાત્ એ બે સ્વરૂપમાં 'પ્રેમ' દર્શન દે છે:

પ્રથમ કોઈને ઇજા નહિ કરવા વિષે. આ જગતમાં બીજાં બધાં પાપો કરતાં વધારે નુકશાન કરનારાં ત્રણ જાતનાં પાપો છે, જેમનાં નામ 'પરનિંદા, ઘાતકીપણું' અને વ્હેમ એવાં છે. એમાં શ્રેષ્ઠ એવી 'પ્રેમ' ભાવનાથી વિરૂદ્ધ ગુણ હોવાથી તે પાપોને સૌથી વધારે નુકશાન કરનારાં પાપ કહ્યાં છે, જે મનુષ્ય ઇશ્વરી પ્રેમથી પોતાનું હ્રદય ભરવા માગે છે, તેણે આ ત્રણ પાપોથી નિરંતર ચેતતા રહેવું જોઇએ. પરનિંદાથી શું શું થાય છે તે જુઓ. નિંદાનો આરંભ જ 'ખરાબ વિચાર' થી થાય છે અને તે તો એક જબરૂં પાપ છે, કારણ કે દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં કાંઈ નહિ ને કાંઇક ગુણ અવશ્ય હોય છે, તેમજ દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં કાંઇક દુર્ગુણ અવશ્ય હોય છે. આ બેમાંથી જેનો આપણે વિચાર કરીએ તેને (આપણા વિચારથી) પુષ્ટિ મળે છે. અને આ રીતે ઉન્નતિક્રમને આપણે સહાય કે અવરોધ કરીએ છીએ.

જ્યારે તમે કોઇ માણસના અવગુણનો વિચાર કરો છો ત્યારે તે વિચારદ્વારા કોઈ ત્રણ ઘાતકી કામો કરો છો:—

(૧) અવગુણના વિચારથી તમારી આસપાસનું (પડોશનું) વાતાવરણ ભરાઇ જાય છે, તેથી એટલે અંશે તમે જગતના દુઃખમાં ઉમેરો કરો છો.

(૨) એક મનુષ્યમાં અમુક અવગુણ (અશુભ તત્ત્વ) છે એમ તમે માનતા હો અને તે પ્રમાણે અવગુણ ખરેખર તેનામાં હોય તોપણ એ બાબતનો વિચાર કરવાથી તમે તેને પુષ્ટી આપો છો, અને આ રીતે તમે તમારા જાતિભાઇને સુધારવાને બદલે ઉલટા વધારે બગાડો છો. પણ ઘણીવાર તો તે અશુભ તત્ત્વ તેનામાં નથીજ હોતું; ફક્ત તમારી કલ્પનાએ તેવું માની લીધેલું હોય છે અને તેથી તમારો દુષ્ટ વિચાર તમારા આ બાંધવને ખરાબ કામ કરવા લલચાવનારો થઇ પડે છે; કારણ કે જો તે ઉચ્ચ દશાએ પહોંચેલો પુરૂષ ન હોય તો તમે તેના સંબંધી જેવો વિચાર કર્યો હોય તેવો તે (તમારા વિચારના બળથી) બનવા માંડે છે.

(૩) તમે તમારૂં મન સારાને બદલે નરસા સંબંધી વિચારોથી ભરો છો અને આ રીતે તમે તમારી ઉન્નતિનો અવરોધ કરો છો અને આથી તમારૂં સૂક્ષ્મ શરીર સુંદર અને પ્રિય દેખાવાને બદલે તમે તેને તદ્દન બેડોળ અને દુઃખજનક બનાવો છો. (આંતરચક્ષુવાળા પુરૂષો તમારી તે વિકૃતિ જોઈ પણ શકે છે.)

આ પ્રમાણે નિંદા કરનારને અને જેની નિંદા થઇ હોય તેને આટલું બધું નુકશાન કર્યાથી પોતાને સંતોષ ન વળતો હોય તેમ, નિંદા પોતાના સઘળા જોરથી બીજા-

ઓને પોતાના ગુન્હાના ભાગીદાર બનાવવા પ્રયત્ન કરે છે. નિંદા કરનાર પોતાની દુષ્ટ વાત બીજાઓ માની લેશે એમ ધારી બીજાઓ સમક્ષ આતુરતાથી લલકારે છે અને પરિણામ શું આવે છે ? જે માણસની વાત ચાલતી હોય છે તે દુર્ભાગ્ય મનુષ્ય તરફ તે વાત સાંભળનારા મનુષ્યો પણ ખરાબ વિચારો મોકલવામાં શામેલ થાય છે. આ ક્રિયા હમેશ ચાલ્યા કરે છે અને પરિણામે તેમાં એકાદ નહિ પણ હજારો માણસો જોડાય છે. આ કેવું નીચ અને ઘાતકી પાપ છે તેનો તમને હજી કાંઇ ખ્યાલ આવે છે ? તમારે તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. તમે કોઈ પણ મનુષ્યનું ભૂંડું બોલશો નહિ. જ્યારે કોઇ સખસ તમારી રૂબરૂ બીજા કોઇનું ભૂંડું બોલવા માંડે ત્યારે તે સાંભળવાની ચોખ્ખી ના પાડો અને તેને જણાવો કે " કદાચ આ વાત ખોટી જ હશે તો ? અને જો ખરી જ હશે તોપણ એ વિષયપર ન બોલવું એજ વધારે ન્યાયમય છે. "

હવે ઘાતકીપણા વિષે વિચાર કરીએ. તેના બે પ્રકાર છે. એક જાણી જોઇને કરાતું ઘાતકીપણું અને બીજું અજાણતાં કરાતું ઘાતકીપણું. જાણી જોઇને કરાતું ઘાતકીપણું એટલે બીજા જીવને હેતુપૂર્વક દુઃખ આપવું તે તો મોટામાં મોટું પાપ છે. એ મનુષ્યનું નહિ પણ રાક્ષસનું કામ છે. તમે કહેશો કે આવું કામ તો કોઈ કરેજ નહિ;

પણ હું કહું છું કે મનુષ્યોએ વારંવાર એવાં કામ કર્યા છે અને હાલ પણ કરે છે. થોડાક દાખલા સાંભળો:—

રોમન કેથોલિક પંથથી વિરૂદ્ધ મત વિષે ચોકસી કરનારી ઘાતકી ન્યાય સભાએ એવું કામ કર્યું હતું; ઘણાએક ધર્મવાળા પુરૂષોએ ધર્મને નામે તેવાં કામ કર્યા છે; જીવતાં પ્રાણી ઉપરં નિર્દય પ્રયોગો કરી તે દ્વારા વૈદ્યક વિદ્યા ખીલવવા ઇચ્છનારાઓ હાલ પણ એવું કામ કરે છે; અને ઘણા શિક્ષકો પણ દરરોજ આવાં કામ કરે છે! આ બધા લોકો "આ તો એક રિવાજ છે" એમ જણાવીને પોતાના ઘાતકીપણાનો બચાવ કરે છે, પણ ઘણા મનુષ્યો અમુક કામ કરે તે ઉપરથી કાંઇ ગુન્હો મટી જતો નથી-ગુન્હાનું ગેરવાજબીપણું ઓછું થતું નથી. કર્મ, રૂઢિની દરકાર રાખતું નથી અને ઘાતકીપણાનું કર્મ તો સર્વ કરતાં વધારે ભયંકર છે. ભારત વર્ષ એ તો એક એવો દેશ છે કે જ્યાં આવી રૂઢીનો બચાવ થઇ શકે જ નહિ; કારણ કે આ દેશમાં અહિંસાનો ધર્મ સર્વને બરાબર વિદિત છે. જેઓ પરમાત્માના પ્રાણીઓને જાણી જોઇને મારવા જાય છે અને એ શિકારના કામને 'સ્પૉર્ટ' અથવા 'ગમ્મત' એવું નામ આપે છે તેવા સઘળા માણસોને ઘાતકીપણાનું પાપ લાગે છે.

હું જાણું છું કે તમે તો આવાં કામ ન જ કરો, અને પરમાત્માના પ્રેમને ખાતર જ્યારે જ્યારે તમને પ્રસંગ

મળે ત્યારે ત્યારે તમે તો સ્પષ્ટ રીતે એવાં કામોની વિરૂદ્ધ જ બોલો એવી મને ખાત્રી છે. પણ તમારે આટલું ધ્યાનમાં રાખવાનું છે કે ઘાતકીપણું માત્ર કાર્યમાં જ હોય છે એમ નથી, શબ્દમાં પણ ઘાતકીપણું હોઈ શકે છે. જે મનુષ્ય બીજાનું **દીલ દુખવવાના ઈરાદાથી** કોઈ શબ્દ બોલે છે, તે પણ આ ગુન્હાનો ભાગીદાર છે. કદાચ તમે આ જાતનું પાપ નહિ કરો, પણ કેટલીકવાર એક ખરાબ શબ્દ જેટલું નુકશાન કરે છે તેટલું જ નુકશાન **બેદરકારીથી** અથવા અવિચારથી અથવા ગાફેલીથી બોલાયેલા એક શબ્દથી થાય છે; માટે **અજાણતાં પણ ઘાતકીપણું** ન થઇ જાય તે બાબત કાળજી રાખજો.

ઘાતકીપણું ઘણુંખરૂં તો વિચારરહિતપણાથી ઉદ્ભવે છે. દાખલા તરીકે, મનુષ્યમાં લોભ અને તૃષ્ણાના અવગુણો ઘણાજ વ્યાપી રહેલા હોવાથી નોકર વગેરેને છેકજ થોડો પગાર આપીને અથવા પોતાની સ્ત્રી કે છોકરાંને અડધાં ભૂખ્યાં રાખીને તેઓમાં જે દુઃખ પોતે ઉત્પન્ન કરે છે તેનો તેને ખ્યાલ સરખો પણ આવતો નથી. કોઇ માણુસ માત્ર પોતાની વિષયતૃપ્તિનો જ વિચાર કરે છે અને તેમ કરવાથી કેટલાં શરીરો અને આત્માઓને તે પાયમાલ કરી નાખે છે તેની જરા પણ દરકાર કરતો નથી. તેવી રીતે કેટલાક માણુસો થોડી મિનિટની તકલીફ બચાવવાના

હેતુથી પોતાના નોકરોને મુદતસર પગાર ચુકવતા નથી અને પોતાના આવા પ્રમાદથી તે નોકરોને કેટલી મુશીબત પડશે તેનો વિચાર સરખો પણ તેમને આવતો નથી. આપણું અમુક કાર્ય બીજા ઉપર કેવી જાતની અસર કરશે તે વિચારવાનું ભૂલવાથી એટલે કે વિચારરહિતપણાથી કેટલું બધું દુઃખ પેદા થાય છે ? પણ કર્મ ભૂલતું નથી; મનુષ્યો ભૂલથી પાપ કરે છે, એ વાત કર્મ કદી લક્ષમાં લેતું નથી. માટે જો તમે માર્ગમાં દાખલ થવા માગતા હો તો ગાફેલીથી અથવા અવિચારથી ઘાતકીપણું તમારા હાથે ન થઇ બેસે એટલા ખાતર, તમારા દરેક કાર્યના પરિણામનો ખ્યાલ કરવાનો રિવાજ રાખજો.

'વ્હેમ' એ એક બીજો મોટો અનર્થ છે અને તેને નામે ઘણું એક ભયંકર ઘાતકીપણું ગુજર્યું છે. જે માણસ વ્હેમનો ગુલામ છે તે પોતાના કરતાં વધારે ડાહ્યા પુરૂષોને ધિક્કારે છે અને પોતે કરે છે તેવું બીજા પાસે પરાણે કરાવવા મથે છે. પ્રાણીઓનો ભોગ આપવો જોઇએ એ 'વ્હેમ'થી કેટલી બધી ત્રાસદાયક કતલ થઇ છે તેનો વિચાર કરો; મનુષ્યોને માંસના ખોરાકની જરૂર છે, એ ઘાતકી 'વ્હેમ'થી જે ભારે ત્રાસદાયક કેર વર્તાયો છે તેનો ખ્યાલ કરો ! આપણા વ્હાલા ભારતવર્ષમાં પણ (ઢેડ વગેરેનો સ્પર્શ કરવામાં પાપ છે એવા) વ્હેમને લીધે

હલકી વર્ણ (ઢેડ, પારીઆ, ચાંડાલ વગેરે) તરફ જે વર્તણુક ચલાવવામાં આવે છે તેનો વિચાર કરો અને જેઓ ભ્રાતૃભાવની ફરજ સમજે છે તેવા લોકોમાં પણ 'વ્હેમ' નામનો આ દુર્ગુણ કેટલી બધી નિષ્ઠુરતા–નિર્દયતા ઉત્પન્ન કરી શકે છે તેનો ખ્યાલ કરો ! વ્હેમરૂપી ભૂતના વળગાટને વશ થઈ કેટલાએ મનુષ્યો–ખુદ પ્રેમ સ્વરૂપ પરમાત્માને નામે અનેક અપરાધો કરી બેઠા છે. માટે તમારામાં આવા ખોટા 'વ્હેમ'નું નામ નિશાન પણ ન રહે એ માટે ચેતતા રહેજો.

આ ત્રણ મોટા ગુન્હાથી તમારે દૂર રહેવું જોઇએ, કારણ કે તે સર્વ પ્રકારની ઉન્નતિને બાધક છે અને તે પ્રેમથી વિરૂદ્ધ ગુણ ધરાવતાં પાપ છે. તમારે આવાં પાપથી દૂર રહેવું જોઈએ એટલુંજ પુરતું નથી, પરન્તુ તમારે સત્કાર્યમાં પ્રવૃત્તિ પણ કરવી જોઈએ. તમારામાં પરમાર્થ કરવાની ઇચ્છા એટલી બધી વ્યાપ્ત રહેવી જોઇએ કે તમારી આસપાસ આવેલાં સર્વ તરફ—કેવળ મનુષ્યો તરફજ નહિ પણ પ્રાણીવર્ગ તેમજ વનસ્પતિ તરફ પણ પરમાર્થ વૃત્તિ બતાવવાનો પ્રસંગ શોધતા રહેવું જોઇએ. નાની નાની બાબતોમાં પણ દરરોજ પરમાર્થ કરવાની ટેવ પાડવી જોઇએ, કે જેથી તમારી પ્રકૃતિ જ પરોપકારી બની જશે અને તેથી કરીને જ્યારે મહાન કામ બજાવવાની

ઉત્તમોત્તમ અને ક્વચિત્ મળતી તક તમને પ્રાપ્ત થાય ત્યારે તે ઝડપી લેવા તમે ચુકશો નહિ. તમે પરમાત્મા સાથે એકરૂપ થવા ઈચ્છો છો તે પણ તમારી પોતાની ખાતર નહિ પણ એટલા જ ખાતર કે તમે એક એવી પ્રણાલિકા થઇ શકો કે જે દ્વારા પરમાત્માનો પ્રેમ તમારા જાતિ ભાઈઓ સુધી વહી વહીને તેમને પણ તેના વર્તુલમાં લેઇ શકે.

જે મનુષ્ય માર્ગ ઉપર છે તે પોતાને વાસ્તે નહિ પણ બીજાને વાસ્તે જીવે છે. તે બીજાની સેવા કરવા માટે તો પોતાની જાતને (હુંપણાને) પણ ભૂલી જાય છે. તે પરમાત્માના હાથમાં એક કલમ સમાન બને છે, કે જે કલમ દ્વારા પરમાત્માનો વિચાર વહ્યા કરે અને પૃથ્વીપર સ્થૂલ રૂપમાં પ્રકટ થઇ શકે, કારણ કે કલમ વિના તે પ્રકટ થઇ શકયો નહોત. વળી તે સાથે તે અગ્નિની ચળકતી જ્વાળા જેવો પણ છે, કે જે જ્વાળાની ચીણગારીઓ પોતાના હૃદયમાં ઉભરાઈ જતા ઇશ્વરી પ્રેમના રૂપમાં તે આખા જગત ઉપર ફેલાવે છે.

જે જ્ઞાન અથવા ડહાપણ તમને બીજાને મદદ કરવાની શક્તિ આપે છે, જે ઇચ્છાશક્તિ અથવા સંકલ્પબળ જ્ઞાનને ફેરવે છે, અને જે પ્રેમ તે ઇચ્છાશક્તિને પ્રોત્સાહન

આપે છે—આ ત્રણ તમારાં સાધનો છે—આ ત્રણ માર્ગના ઉમેદવારની યોગ્યતાઓ છે. ઇચ્છાશક્તિ, જ્ઞાન અને પ્રેમ (સત્, ચિત્ત અને આનંદ) પરમાત્માનાં ત્રણ સ્વરૂપો છે અને તમે જ્યારે પરમાત્માના સેવક ગણાવા માગો છો ત્યારે તમારે જગતમાં આ ત્રણ સદ્ગુણો પ્રકટ કરવા જોઇએ.

ગુરૂદેવના શબ્દો તણી જોતો રહ્યો છું રાહ હું,
જોતો રહ્યો છું વાટ: "ગુપ્ત પ્રકાશ આવે હાલ શું ?"
ગુરૂ-આણ કંઇ ઝીલવા અતિશય બન્યો આતુર હું,
જો કે થયો છું સ્થિત જીવનયુદ્ધમાં દારૂણ બહુ.
ગુરૂરાયના છોટાબડા નિહાળતો હુકમો બધા—
યોદ્ધાગણોના શીર્ષ પરથી દૃષ્ટિને દોડાવતાં;
ગુરૂમહાનનાં વચનો સુણું ધીમાં તથા દૂર છો રહ્યાં—
પૃથ્વી તણા ઘોંઘાટ કરતા ગીતથી દૂર છો રહ્યાં !

દોશી મણિલાલ નથુભાઇ બી. એ. કૃત.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત અર્હન્નીતિનું ભાષાન્તર... ... ૧–૮–૦

શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત આત્મ પ્રદીપનું વિવેચન. ... ૧–૮–૦

સુદર્શન (ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે અને સરકારી કેળવણી ખાતાએ લાયબ્રેરી માટે મંજુર કરેલું. બીજી આવૃત્તિ) પાકુ પુઠું છીંટનું. ૦–૮–૦

કાચું પુઠું બોર્ડનું. ૦–૬–૦

સચ્ચે સુખકી કુંજીયાં (સુદર્શનનું હિંદી ભાષાંતર.) ... ૦–૮–૦

જ્ઞાનદીપક (જ્ઞાનમાહાત્મ્ય) એક ઇનામી નિબંધ, આવૃત્તિ બીજી. ૦–૩–૦

દયાનો ઝરો (માંસાહારી પ્રજામાં ખાસ વ્હેંચવા લાયક, ગાયકવાડી કેળવણી ખાતાએ ઇનામ માટે મંજુર કરેલું) આવૃત્તિ બીજી ૦–૪–૦

યોગમાર્ગનો ભોમીઓ (મન વશ કરવાની સરલ યુક્તિ.) ૦–૨–૦

સ્ત્રી કેળવણી અને સદ્દર્શન (સ્ત્રી ઉપયોગી જૂદા જૂદા વિષયો.) આવૃત્તિ ત્રીજી ૦–૨–૦

આત્મનિરીક્ષણ (આત્મશુદ્ધિનો સરલ માર્ગ) મફત. (પોસ્ટેજ વાસ્તે અર્ધા આનાની ટીકીટ બીડી આપવી.)

મળવાનું ઠેકાણું.–કર્તા પાસેથી. રતનપોળ–અમદાવાદ.
અથવા સોમચંદ ભગવાનદાસ—પાનકોરને નાકે–અમદાવાદ.

